જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૬/૨૦૧૬ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૧૩/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૧૦૨ લીટર દેશી દારૂ, ૨૫ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૬૬ બિયરટીન કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૧,૪૦,૮૪૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૧૧૪/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૧૧૫/૧૬**

**નારણપુરા** : ભાવનાબહેન કમલેશભાઇ પટેલ (રહે.સાંઇબાબા ફ્લેટ, અંકુર રોડ, નારણપુરા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૬/૧૬ બપોરના ૧/૦૦ થી ૩/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા ૭૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એલ.પારગી ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૧૧૬/૧૬**

**મણીનગર** : મોનેશકુમાર ભુપેશભાઇ નૈનવાલે (રહે.શ્રીકુંજ એપાર્ટમેન્ટ, વૃદાવન ફ્લેટની સામે, મણીનગર રેલવે ક્રોસીંગ પાસે, મણીનગર) એ તા.૧૬/૬/૧૬ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૬/૧૬ ના કલાક ૬/૦૦ થી ૭/૪૫ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના ખુલ્લા મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, કેનન કંપનીનો કેમેરો તથા કેમેરાનાં લેન્સ નંગ-૨ કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦/-, હાર્ડ ડિસ્ક કિંમત રૂપિયા ૬,૦૦૦/- અને મોબાઇલ ફોન કિંમત રૂપિયા ૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૧૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.વી.બારીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૧૭/૧૬</u>**

**રામોલ** : કલ્પીતાબહેન જયંતીભાઇ પ્રજાપતિ (ઉ.વ.૪૦)(રહે.આશુતોષ ટેનામેન્ટ, સ્નેહમાંગલ્ય રેસીડન્સીની બાજુમાં વસ્ત્રાલ, આર.ટી.ઓ.રોડ) તા.૧૬/૬/૧૬ સાંજનાં ૬/૩૦ વાગ્યાના સુમારે વસ્ત્રાલ શ્રીહરી-૨ ની બાજુનાં ત્રણ રસ્તા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કલ્પીતાબહેનનાં ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૨૨,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કલ્પીતાબહેન પ્રજાપતિએ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે.

**મેઘાણીનગર** : **ઉર્મીલા**બહેન હરગોવીંદભાઇ અમીન (રહે.ગુ.હા.બોર્ડ, મેઘાણીનગર) તા.૧૨/૬/૧૬ નાં કલાક ૯/૧૫ વાગ્યાના સુમારે મેઘાણીનગર પોસ્ટ ઓફીસ સામે, પંપીંગ સ્ટેશનનાં ઝાંપા નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક ૨૨ વર્ષના આશરાનો પુરૂષ ઉર્મીલાબહેનનાં ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ ઉર્મીલાબહેન અમીને તા.૧૬/૬/૧૬ નાંરોજ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વાય.બી.પટેલ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૧૮/૧૬</u>**

**શહેરકોટડા** : છાયાબહેન મહેન્દ્રભાઇ સોલંકી (ઉ.વ.૩૭) (રહે.મ્યુની.હેલ્થ સ્ટાફ ક્વૉટર્સ, ઓમનગર ક્રોસીંગ પાસે, વિજયમીલ નરોડા રોડ) એ તા.૧૬/૬/૧૬ ના કલાક ૧૨/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે કોઇ અગમ્ય કારણસર રસોડામાં લોખંડનાં હુકમાં દુપટ્ટો બાંધી, ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિહ રતનસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)